# આજથી શહેરમાં નવરાત્રીનો મંગલમય પ્રારંભ

**શહેરના મંદિરો તેમજ સોસાયટી-વસાહતોમાં માતાજીના સ્થાપન-આરતી-પૂજા માટે તડામાર તૈયારીઓ : સરકારે છેલ્લી ઘડીએ પરવાનગી લેવાની જરૂર નથી તેવી જાહેરાત કરતા આયોજકોને રાહત**






ગાંધીનગર, તા. ૧૬

શનિવારથી આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનું પાવન પર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે. આ વર્ષે શહેરમાં રાજ્ય સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર પહેલીવાર ગરબા વિહીન નવરાત્રી યોજવા જઈ રહી છે. શહેરની શેરી નવરાત્રીમાં માતાજીના સ્થાપન તથા પૂજા માટે આયોજકો છેલ્લી ઘડીની તડામાર તૈયારીઓમાં લાગી ગયાં છે તો બીજી તરફ શહેરના મંદિરોમાં પણ નવરાત્રીને અનુલક્ષીને પૂજા-આરતી તથા દર્શનના વિશેષ આયોજન હાથ ધરવામાં આવી રહ્યાં છે. સરકાર દ્વારા શેરી નવરાત્રીના આયોજન માટે પરવાનગીની જરૂર છે તેવુ જાહેર કરાયા બાદ બીજા દિવસે પરવાનગીની જરૂર નથી તેવી જાહેરાત કરાતા દોડધામમાં મુકાયેલા આયોજકોને રાહત થવા પામી હતી.

આજે પવિત્ર અધિક માસના શ્રદ્ધાપૂર્ણ સમાપન બાદ શહેરમાં શનિવારથી નવરાત્રીનો મંગલમય પ્રારંભ થશે. રાજ્ય સરકાર દ્વારા શુક્રવારે શેરી નવરાત્રીમાં માતાજીના સ્થાપન-આરતી-પૂજા માટે જે છૂટ આપવામાં આવી છે તે માટે પરવાનગી મેળવવાની પ્રક્રિયા કરવી પડશે તેવુ જાહેર કરવામાં આવ્યુ હતુ તે બાબતે શ્રદ્ધાળુઓ રોષે જણાતા આજે સરકારે ફેરવી તોળીને સ્પષ્ટતા કરી છે કે જે શેરી નવરાત્રી સોસાયટી કે વસાહતના સંકુલમાં યોજવાની છે તેમણે પરવાનગી મેળવવાની જરૂર નથી પરંતુ જે નવરાત્રી આયોજનમાં જાહેર સ્થળોએ કે રસ્તા પર સ્થાપન-પૂજા આરતી કરવાની છે તેમાં પરવાનગીની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. અગાઉની જાહેરાતના કારણે પરવાનગી મેળવવા દોડતા થઈ ગયેલા સોસાયટી કે વસાહતોના નવરાત્રી આયોજકોને આ જાહેરાતને પગલે રાહત મળવા પામી હતી. આ સાથે શહેરના સેક્ટરોમાં સરકારી આવાસોના ચોકઠાંઓમાં, વસાહતોમાં, કોલોનીઓ તેમજ શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોની સોસાયટીઓમાં યોજાનાર માતાજીના સ્થાપન માટે આયોજકોએ તડામાર તૈયારીઓ હાથ ધરી હતી. સરકારની કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર નવરાત્રી ચોકમાં માંડવળીની સ્થાપના, સોશિયલ ડિસ્ટન્સ માટે કુંડાળા દોરવા, માતાજીના ફોટો કે મૂર્તિને શ્રદ્ધાળુઓ ચરણ સ્પર્શ ના કરે તે માટે દોરડા કે અન્ય આડશનો ઉપયોગ કરવો, આરતી ફરજિયાત રેકોર્ડેડ વગાડવાની હોવાથી તે માટે પેનડ્રાઈવ સહિત સાઉન્ડ સીસ્ટમની અને પેકેટ પ્રસાદની વ્યવસ્થા તેમજ સેનેટાઈઝર-માસ્ક, થર્મલ સ્કેનર વગેરેની વ્યવસ્થા કરવા માટે આયોજકોએ આજે કમર કસી હતી. આ સાથે શહેરના મંદિરોમાં પણ નવરાત્રી દરમ્યાન દર્શનાર્થીઓને કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટન્સ સાથેની દર્શન વ્યવસ્થા, હોમ-હવન માટે યોગ્ય વ્યવસ્થા તેમજ સેનેટાઈઝર સહિતની સુવિધાની વ્યવસ્થા કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી હતી.

## દર વર્ષની જેમ શહેરના મંદિરોમાં રોશનીનો ઝગમગાટ

શહેરમાં નવરાત્રી પૂર્વે મંદિરો તેમજ સોસાયટી-વસાહતો-કોલોનીઓના નવરાત્રી ચોકમાં રોશની સાથે સજાવટ કરવામાં આવી છે. આ વર્ષે ભલે ગરબા નથી યોજાવાના પરંતુ દર વર્ષની જેમ નવરાત્રીના ઝગમગાટમાં કોઈ કસર રહી ના જાય તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. વાવોલના સુપ્રસિદ્ધ મહાકાળી માતાના મંદિરે પણ દર વર્ષની જેમ નયનરમ્ય રોશની કરવામાં આવી છે. જો કે અહીં દર વર્ષે નવરાત્રીમાં માત્ર આઠમ-નોમ બે દિવસ જ ગરબા યોજાય છે જે પણ આ વર્ષે કોવિડ-૧૯ મહામારીના કારણે યોજાશે નહી.

# સેક્ટરોના ઉજ્જડ બગીચા ૧૭ કરોડના ખર્ચે નયનરમ્ય બનાવાશે

**બગીચાઓમાં બાળકોને રમવાના અને જીમના સાધનો , ગ્રીન એરિયા, વોક વે સહીતની સુવિધાઓ ઉભી કરાશે : વર્ષોથી જાળવણીના અભાવે મરણપથારીએ પડેલા બગીચાઓમાં નવો નિખાર જોવા મળશે**

ગાંધીનગર તા ૧૫

શહેરના સેક્ટરોમાં સ્થિત ઉદ્યાનો જાળવણીના અભાવે ઉજ્જડ બન્યા છે. સેકટરોમાં બગીચાઓને નિખારવા માટે રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. શહેરના નવા અને જુના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોના નવિનીકરણ માટે મહીનાના અંત સુધીમાં કામ શરૂ કરી દેવાશે. બગીચાઓમાં ગ્રીન એરિયા, બાળકાને રમવાના તેમજ જીમના સાધનો પણ મુકાશે.

શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યોનો મરણપથારીએ છે. જયારે એકજમાનામાં હરિયાળા અને સુવિધાયુક્ત બગીચાઓથી આમ નાગરિકોની સાંજ વધુ સોહામણી બનતી હતી. પરંતુ સમય જતા આ ઉદ્યાનોની જાળવણીના અભાવે સેકટરના ઉજ્જડ બગીચાઓમાં હવે દુષણો પાંગરી રહ્યા છે. અંધારપટ્ટની સ્થિતિ વચ્ચે રાત્રિના સમયે ઉદ્યાનોમાં અનેક ઠેકાણે તત્વો અડ્ડો જમાવતા હોવાની ફરિયાદો પણ સોસાયટીના સભ્યો માટે રોષનુ કારણ બની છે. જો કે કોર્પોરેશન દ્વારા સેકટરનો ઉદ્યાનોને નયનરમ્ય બનાવવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. તબક્કાવાર સેકટરોના તમામ ઉદ્યાનોનુ નવિનીકરણ કરી

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર-પૂર્વના પવનોથી જિલ્લામાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે

**અરબી સમુદ્રમાં વેલમાર્ક પ્રેશર સક્રિય થયુ છે અને તેને લઈ હળવાથી ભારે વરસાદની સંભાવના**

ગાંધીનગર, તા. ૧૬

અરબી સમુદ્રમાં વેલમાર્ક પ્રેશર સક્રિય થવાથી ભારે વરસાદ થવાની શક્યતાઓ વચ્ચે જિલ્લામાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

વરસાદની આગાહી વચ્ચે રાજ્યના તમામ પોર્ટ પર ૩ નંબરનું સિગ્નલ લગાવાયુ છે. આગામી ૨૪ કલાક દરમ્યાન વેલમાર્ક લો પ્રેશર ડિપ્રેશમાં પરિવર્તીત થશે જેને પગલે દરિયો પણ ગાંડોતુર થવાની સંભાવના હોવાથી માછીમારોને દરિયો ન ખેડવાની પણ સૂચનાઓ અપાઈ છે.

હવામાન વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અરબી સમુદ્રમાં વેલમાર્ક લો પ્રેશર સક્રિય થયુ છે. જે ઉત્તર મહારાષ્ટ્રના સમુદ્રમાં સક્રિય છે. આગામી ૨૪ કલાકમાં પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. જેના કારણે દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રના એકાદ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના ગ-માર્ગ પર હરિયાળીનો સોથ વળશે : ૭૮૨ વૃક્ષોની કટોતી થશે

**ગ્રીન સીટીના ભોગે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં ડગલે ને પગલે વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો**

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે માર્ગ વાઈડનીંગ અને ઉંચી ઈમારોતો બાંધવા માટે નવી યોજનાઓ અન્વયે કામ હાથ ધરવામાં આવે છે. ખુલ્લા અને પહોળા માર્ગોને સોહામણાં બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જયારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં વિકાસના નામે હરિયાળીનો સોથ વળી રહ્યો છે. અલબત્ત ગ્રીન સીટીના ભોગે સ્માર્ટ સીટીની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે અફસરો કામે લાગ્યા છે. શહેરના ગ માર્ગને સિકસલેન બનાવવા માટે ૭૮૨ વૃક્ષોનો ભોગ લેવાશે. વનતંત્ર દ્વારા આ વૃક્ષોનુ માર્કીંગ કરાશે.

શહેરના માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહ્યુ છે. વરસાદી દિવસોના અંતે માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં હાલ વરસાદી દિવસો બાદ સેકટરોના આંતરિક માર્ગો પર થાગડ થીગડ કરવામાં આવ્યુ છે.જયારે શહેરના મુખ્યમાર્ગો પર પણ કેટલાક ઠેકાણે માર્ગોનુ ધોવાણ થયુ હોય તેવા કીસ્સામાં પેવરકામ કરવામાં આવ્યુ છે. નગરમાં રોડ નેટવર્કની સુધારણા પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં માર્ગ સુધારણા સહીત અનેક વિધ વિકાસના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે નગરને રૂપાળુ અને સુવિધાયુક્ત

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધુ ૧૯ કેસ નોંધાયા

**શહેરમાં આજે સે. ૭ માંથી ૩, સે. ૨૯ માંથી ૨, સે. ૯ માંથી ૨ અને સે. ૩ માંથી બે ઉપરાંત ચરેડી, આદિવાડા, સે. ૧, ૨, ૫, ૨૨, ૨૧, ૨૫, ૧૪, ૧૨ માંથી પણ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૧૬૨૨ પર પહોંચી છે.

શહેરમાં સેક્ટરો ઉપરાંત સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે પણ લગભગ તમામ વિસ્તારોમાંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા રોકેટ ગતિએ વધી રહી છે.

શહેરમાં આજે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરનારા દર્દીઓની સંખ્યા ૧૦થી વધુ છે. આજે નોંધાયેલા ૧૯ કેસમાં ૬ મહિલા દર્દી મળી આવ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં આજે સે. ૭ માંથી ૩, સે. ૨૯ માંથી ૨, સે. ૯ માંથી ૨ અને સે. ૩ માંથી બે ઉપરાંત ચરેડી, આદિવાડા, સે. ૧, ૨, ૫, ૨૨, ૨૧, ૨૫, ૧૪, ૧૨ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં વધતા જતા સંક્રમણને લઈ તંત્રએ લોકોને માસ્ક પહેરવા ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ સેનીટાઈઝરનો ઉપયોગ કરવા અને વધુ વય ધરાવતા લોકોને અનિવાર્ય ન હોય તો ઘરની બહાર ન નીકળવા અપીલ કરી છે.

ગાંધીનગર શહેરના સિમાડે આવેલ ચરેડી ગામેથી ૬૫ વર્ષીય શ્રમિકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૯ માં આજે વધુ એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. ૬૭ વર્ષીય પુરૂષ અને ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેને ગાંધીનગર નજીકની એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આદિવાડા ગામે કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. ૨૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાતંત્ર કહે છે કોરોનાના ૧૩ કેસ, સરકાર કહે છે ૨૬ કેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૩ કેસ નોંધાયા છે જો કે રાજ્ય સરકારે આજે તેની સત્તાવાર યાદીમાં ગ્રામ્યવિસ્તારમાં ૨૬ કેસ નોંધાયાનું જણાવ્યુ છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાતા કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે જો કે સંક્રમણના કેસો વધ્યા છે.

**ગાંધીનગરમાં ૮, કલોલમાં ૪, માણસામાં ૧ કેસ સારવાર દરમ્યાન વધુ એક મહિલાનું મોત**

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓ પૈકી આજે વધુ ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગર તાલુકાની ૬૩ વર્ષીય મહિલાનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા ડેથરેટને લઈ તંત્રની ચિંતા વધી છે. આ ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં પણ દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા હોવાથી તંત્રની કામગીરી પણ વધવા પામી છે.

આજે નોંધાયેલા ૧૩ કેસમાં ગાંધીનગરમાં ૮, માણસામાં ૧ અને કલોલમાં ૪ કેસ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના અડાલજ ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૯ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

કુડાસણ ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગી, ૧૫ વર્ષીય વિદ્યાર્થી અને સરકારી નોકરી કરતી ૨૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

નાના ચિલોડા ગામેથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણ ગામેથી ૫૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેમને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરવામાં આવ્યા છે. સુઘડ ગામેથી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસાના ઈટાદરા ગામેથી ૩૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર




હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

## હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૧૬

હવે મુંબઈ થઈને મેઘરાજાએ ફરીથી ગુજરાતમાં એન્ટ્રી લીધી છે. ગુજરાતમાં છેલ્લા થોડા સમયથી વરસાદ ન આવતા, ગુજરાતમાંથી ચોમાસુ ગયું એવું લાગી રહ્યું હતું. ત્યાં જ આજરોજ હવામાન વિભાગની આગાહીએ પાછા ખેડૂતોની ચિંતામાં વધારો કર્યો છે.

ભાડે આપવાનું છે
ગાંધીનગરમાં સેક્ટર-૫/સી, પ્લોટ નં.૧૬૦૨/૧ના ગ્રાઉન્ડ ફ્લોર, ગેસ કનેક્શન, પાણીની સગવડ સાથે ફેમીલી, સ્ટુડન્ટ, નોકરીદાતાઓને ભાડે આપવાનું છે.
મો. ૯૮૯૮૬૧૦૩૧૧
મો. ૯૪૨૯૨૦૪૨૯૬

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com